| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૫ | ૦૭ | ૨૦૨૫ |
| દાખલ તારીખ : | ૧૫ | ૦૭ | ૨૦૨૫ |
| ફેસલ તારીખ : | ૧૬ | ૦૩ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૦૧ | ૦૮ | ૦૦ |

# <u>મે.જુનાગઢ મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ.જુનાગઢ</u>

**રેફરન્સ (ટી) કેસ નં.૪૨/૨૦૨૫**

**આંક:-૨૬**

**<u>પ્રથમ પક્ષકાર : -</u>** જનરલ મેનેજરશ્રી (એચ.આર.),
ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લી.(યુનીટ: ઈન્ડીયન રેયોન)
જુનાગઢ રોડ, મું. વેરાવળ,
જી.ગીર સોમનાથ.

**<u>- : વિરુઘ્ધ : -</u>**

**<u>બીજા પક્ષકાર : -</u>** અશોકકુમાર પી જેઠવા,
મું.પો. વેરાવળ,
ઠે. શારદા સોસા., લાંબી ગલી, સંતોષી કૃપાની બાજુમાં,
જી.ગીર સોમનાથ

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલ શ્રી એચ.ડી.રાઠોડ.
બીજા પક્ષકાર તરફે : વિ.વકીલ શ્રી એચ.વી.ધોરાજીયા.

## <u>- : : એ વો ર્ડ : : -</u>

**(૧)** ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔઘોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એકટની કલમ-૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, જુનાગઢનાએ તેમનાં હુકમ ક્રમાંક નં:કે.એચ./એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર/મશ્રઆ/જુના/૨૨/ ૨૦૨૫, તા.૦૮/૦૭/૨૦૨૫ થી મજુર અદાલત, જુનાગઢને ન્યાય નિર્ણય અર્થે અરજદારને નોકરીમાં સળંગ લાભો સહીત પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તે અર્થે રીફર કરેલ છે.

**(૨)** આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારોને હવે પછી **સામાવાળા** તરીકે અને બીજા પક્ષકારને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

(૩) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં દાખલ થતા અરજદાર તરફે આંક–૮ થી માંગણા નિવેદન રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, અરજદાર તા.૧૫/૬/૧૯૯૬ ના રોજ ગ્રામ ઈન્ડસ્ટ્રીઝ(યુનિટ: ઈન્ડીયન રેયોન) માં કોર્નર/હેલ્પર તરીકે ટેક્ષટાઈલ ડીપાર્ટમેન્ટમાં પ્રોડકશન યુનીટમાં કાયમી, નિયમીત, નિષ્ઠાપુર્વક સળંગ નોકરી કરતા હતા તેઓને તા.૪/૭/૨૦૦૧ નારોજ કારણ વગર, વજુદ વગર મૌખીક આદેશથી છુટા કરવામાં આવેલ છુટા કરતા સમયે તેઓને કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે પી.એફ.ના નાણા ગ્રેચ્યુટી કે હકકરજાનો પગાર પણ આપેલ નથી. વધુમાં જણાવે છે કે, નોકરી દરમ્યાન કે છુટા કર્યા સુધીમાં તેમને કોઈ મેમો, ચાર્જશીટ કે કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ નથી. જેથી સામાવાળાનુ અમોને નોકરીમાંથી છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસરનુ હતુ. વધુમાં જણાવે છે કે, તેઓએ ઉંમર મર્યાદા પુર્ણ કરેલ હોય કોઈ સરકારી નોકરી કે લીમીટેડ કંપનીમાં નોકરી મળે તેમ ન હોવાથી પેટ્રોલ પંપ, કરીયાણાની દુકાન, મોટર સાયકલની દુકાન, ટ્રાવેલ કંપનીમાં રૂબરૂ જઈ નોકરી મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતા નોકરી મળેલ નથી. તેઓ હાલ છુટક છુટક મજુરી કામ કરે છે અને તેમની પત્ની ઘરકામ કરી તેમના કુટુંબનુ ભરણપોષણ કરે છે. વધુમાં જણાવે છે કે, તેઓને છુટા કર્યા બાદ અન્ય નવા વ્યકિતને નોકરીમાં લેવામાં આવેલ છે તેઓને છુટા કર્યા ત્યારે તેઓથી જુનીયર લોકોને નોકરીમાં ચાલુ રાખેલ અને તેઓને છુટા કર્યા ત્યારે અધિકારીઓ ધ્વારા તેમને જણાવવામાં આવતુ કે,''તમોને ટુંક સમયમાં નવો પ્લાન શરૂ થતા નોકરીમાં લઈ લેઈશું'' ખોટાવાયદાઓ કરી તેઓને છેતરેલ છે અને આજદિન સુધી નોકરીમાં લીધા નથી. વધુમાં મજુર કમીશ્નરશ્રી/શ્રમ આયુકતશ્રી મારફત રેફરનસ કરતા આ કેસ નામદાર કોર્ટમાં ન્યાયીક નિર્ણય માટે આવેલ છે. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ મુજબ પુન:સ્થાપિતની માંગણી મોડી થવાથી કામદારને ન્યાય માંગવાના હકકથી વંચીત રાખી શકાય નહી કેમ કે નામદાર કોર્ટ પણ દરેક કેસની ગુણવંતા અને પુરાવા પર આધારીત રાખે છે. તેવુ તેઓને જાણવા મળતા તેમજ તેમની સાથેના નોકરીમાંથી છુટા થયેલા અન્ય

કામદારને પુન:સ્થાપિત થવાના હુકમો નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા થતા તેઓએ આ માંગણી મોડે મોડે મુકેલ છે. જેમાં સંજોગો કારણ ભુત છે.

ઉપરોકત માંગણા નિવેદનની રજુઆત કરી દાદ માંગેલ છે કે,

(એ)પ્રથમ પક્ષકાર તેઓને તા.૪/૭/૨૦૦૧ નારોજ નોકરીમાંથી મૌખીક આદેશથી છુટા કર્યાનો હુકમ ગેરબંધારણીય, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો અને પ્રસ્થાપિત કાયદાનો ભંગ કરતો હતો અને છે તેમ ઠરાવી હુકમ રદ કરવાનો ન્યાયીક હુકમ ફરમાવવા.

(બી)કામદાર ઉંમર લાયક હોય અને નામદાર કોર્ટને લાગે કે તેમના બદલે સેટલમેન્ટની જોગવાઈ મુજબ બીજા પક્ષકાર કામદારના એક બાળકને નોકરીમાં સમાવવાનો હુકમ એક બાળકને નોકરીમાં સમાવવાનો હુકમ ફરમાવવા

(સી) બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા તા.૪/૭/૨૦૦૧ નારોજથી નામદાર કોર્ટનો ન્યાયીક હુકમ થાય ત્યાં સુધીના પુરા પગાર સાથે નો કરીમાં નોકરી પરત્વેના તમામ હકક હિસ્સા સાથે સળંગ અને પુર્વવૃત નોકરી લેવા અને જે તે જગ્યા/કક્ષાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(ડી) પ્રથમ પક્ષકારે બીજાપક્ષકારને નોકરીમાંથી મૌખીક આદેશથી છુટા કર્યાથી નામદાર કોર્ટના આદેશ દરમ્યાનના સમયનુ યોગ્ય વ્યાજબી વળતર આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ કોર્ટ ધ્વારા સામાવાળાને નોટીસ કાઢતા ધોરણસરની નોટીસ બજી જતા સામાવાળા ધ્વારા આંક–૯ થી જવાબ રજુ કરેલ છે જેમા તેઓ અરજદારની આંક–૮ ના માંગણા નિવેદનની મહત્વની હકીકતનો ઈન્કાર કરી અરજદારે હાલના કેસમાં તેઓને સને.૨૦૦૧ ની સાલમાં છુટા કર્યાનુ જણાવી હાલનો રેફરન્સ ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ દાખલ કરેલ છે જે નામદાર સુપ્રિમ કોર્ટના પ્રભાકરનના જજમેન્ટ મુજબ ચાલી શકે તેમ નથી. આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ફકત ''Live Dispute

'' વ્યાજબી સમયમર્યાદામાં ઉપસ્થિત કરેલ હોય તો જ આવા વિવાદ નામદાર લેબર કોર્ટને રીફર કરી શકાય અન્યથા નહી. વધુમાં ખુબજ મોડે મોડેથી ઉભા કરેલા વાસી વિવાદનો નામદાર મજુર આદલતને સુપ્રત કરવા સમુચિત સરકારશ્રી ઈન્કાર કરી શકે છે. વધુમાં હાલના કેસમાં પણ અરજદારે તેમના વર્ષો જુના ટર્મીનેશનના કેસ સંબંધે કંપની સમક્ષ વ્યાજબી સમયમાં કોઈ માંગણીપત્ર મુકેલ નથી કે કોઈ પત્રવ્યવહાર કરેલ નથી. વધુમાં અરજદારે તેઓના ૨૪ વર્ષોના ડીલે સંબંધે કોઈ વ્યાજબી કારણો કે વ્યાજબીપણુ કે કોઈ સાધનીક પુરાવા રજુ કરેલ નથી. વધુમાં અરજદારે હાલનો વિવાદ ૨૪ વર્ષના લાંબા સમયગાળા બાદ ઉભો કરેલ છે અને જેથી કંપની પાસે આટલો જુનો રેકોર્ડ મળી શકે નહી તેમજ ૨૪ વર્ષના જુના રેકોર્ડ રાખવાની કંપનીની કોઈ સ્ટેચ્યુટરી જવાબદારી નથી. આમ છતા કંપનીએ તપાસ કરતા અરજદાર સંબંધે તેઓની નોકરીનો જે રેકોર્ડ મળેલ છે તેના ઉપરથી એવુ જણાય આવે છે કે, અરજદારે ૨૪ વર્ષ પહેલા ફકત હંગામી કામદાર તરીકે હંગામી જગ્યા ઉપર જે તે સમયના ટેમ્પરરી કામને પહોંચી વળવા માટે ફીકસ પીરીયડથી અને નોકરીની ચોકકસ શરતોથી હંગામી કામદાર તરીકે ફીકસ–ટર્મ કોન્ટ્રાકટ (એફ.ટી.સી.) તરીકે ત્રુટક ત્રુટક કામગીરી કરેલ હતી. જે મુજબ અરજદારે કંપનીની જરૂરીયાત મુજબ જે તે વર્ષમાં ફીકસ પીરીયડની બે મહીના અથવા મહીનાના લેખીત ઓર્ડરના આધારે હંગામી કામગીરી કરેલ હતી અને અરજદારે કોઈ વર્ષમાં ૨૪૦ દિવસની સળંગ નોકરી કરેલ ન હતી પરંતુ તેઓએ ત્રુટક–ત્રુટક રીતે કંપનીમાં કામ કરેલ હતુ અને ત્યારબાદ અરજદાર સાથે ચોકકસ સમજુતી થયા બાદ કામ પુરૂ થયેથી તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હતા. આમ જયારે તેઓને ફીકસ પીરીયડના હુકમથી નોકરીની ચોકકસ શરતોથી કામે રાખવામાં આવેલ હોય તો તેવા સંજોગોમાં કામ પુરૂ થયેથી તેઓને તેઓની નોકરીનો સમયગાળો પુરો થયેથી છુટા કરવામાં આવે તો માલીકનુ આવુ પગલુ ઔદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ ની કલમ–૨(ઓઓ)(બીબી) ''છટણી'' બનતુ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે અને આવા પ્રકારના કેસમાં ઔદ્યોગિક વિવાદ

ધારાની કલમો–૨૫(એફ), ૨૫(જી) અને કલમ–૨૫(એચ) લાગુ પડતી હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે. વધુમાં કંપનીના રેકોર્ડ મુજબ અરજદારે સામાવાળા કંપનીમાં તા.૨/૫/૨૦૦૦ નારોજ નોકરી માટેનુ અરજીપત્રક ભરેલ હતુ. કંપનીના રેકોર્ડ આધારીત જણાવે છે કે, કંપનીએ અરજદારને તા.૩/૫/૨૦૦૦ થી તા.૧૭/૫/૨૦૦૦ ના સમયગાળા માટેનો નિશ્ચિત શરતોથી ફીકસ પીરીયડની હંગામી કામગીરીનો ટેમ્પરરી જગ્યા ઉપર નિમણુંકનો હુકમ આપેલ હતો અને આ હુકમો મુજબ અરજદાર જે તે તારીખે કામની જરૂરીયાત ન હોવાથી છુટા થયેલ હતા. આમ અરજદારે જે સમયની કામગીરી દર્શાવેલ છે તેટલો સમય તેઓએ તેમની કંપનીમાં કામ કરેલ હોવાનુ ખરૂ નથી. ખરી હકીકતે જણાવેલ છે કે, અરજદારે ટેમ્પરરી કામગીર માટે ફીકસ પીરીયડના હુકમ ઉપર કામગીરી કરેલ હતી. કંપની છેલ્લા ૧૦ વર્ષમાં ઘણી મંદીનો સામનો કરી રહેલ છે અને ઘણી મોટી આર્થિક ખોટ પણ સહન કરેલ છે અને નવી ભરતી ઉપર હાયર મેનેજમેન્ટ ધ્વારા સંપુર્ણ રીતે પ્રતિબંધ મુકવામાં આવેલ છે. વધુમાં કંપની છેલ્લા ૧૦ વર્ષથી કપરા સંજોગોનો સામનો કરી રહેલ છે અને ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ અરજદારને તેઓની માંગણી મુજબ કામ આપવામાં સમર્થ નથી કે આવી કોઈ કંપનીની જવાબદારી પણ થતી નથી. વિશેષમાં અરજદારની કહેવાતા માન્ય યુનિયને રજુઆત કરેલ હોવાની અને કંપનીએ કોઈ આશ્વાસન આપેલ હોવાની રજુઆતો પણ પાછળથી ઉપજાવી કાઢેલ છે તેમ જણાવેલ છે.

(૫) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**અરજદાર તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીકપુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારનુ પુરાવાનુ સોગંદનામુ | ૧૭ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પગાર સ્લીપોની નકલ. | ૨૦ |

(૬) અરજદાર તરફે આંક–૨૨ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

**(૭)** સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**સામાવાળા તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળાના સાહેદ પ્રિયદર્શી રેવતદાન ગઢવીનુ પુરાવાનુ સોગંદનામુ | ૨૩ |

**સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારે કંપની સમક્ષ કરેલ નોકરીની અરજીપત્રકની નકલ. | ૧૮ |
| ૨ | અરજદારને ઈસ્યુ કરેલ ટેમ્પરરી સમયગાળો નિમણુકના હુકમની નકલ. | ૧૯ |

**(૮)** સામાવાળા તરફે આંક–૨૪ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

**(૯)** ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રી દ્વારા આંક–૨૫ થી લેખીત દલીલ રજુ કરી તેના સમર્થનમાં અલગ અલગ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. જે સામે સામાવાળા તરફે મૌખીક દલીલ કરી તેના સમર્થનમાં અલગ અલગ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લીધા. પુનરાવર્તન ટાળવાના શુભ આશ્યથી સદર દલીલ અને ચુકાદાઓને કારણોની ચર્ચામાં જરૂર પડયે આવરી લેવામાં આવશે.

**(૧૦)** આમ ઉપરોકત પક્ષકારોના પક્ષ નિવેદનો રજુ મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો લક્ષમાં લેતા, આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::મૂદ્દાઓ::–**

(૧) શું આ કામના રેફરન્સને સમયમર્યાદાના કાયદાનો બાધ છે ?

(૨) શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે, તેઓ મદદનીશ શ્રમ આયુકતશ્રી કચેરીની અનુસુચિ મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા કે તેઓએ માંગેલ અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

(૧) '**હકારમાં**'

(૨) '**નકારમાં**'

(૩) '**આખરી હુકમ મુજબ**'

## -: કારણો :-

**(૧૨) મુદા નં.૧ અને નં.૨ ની સંયુકત ચર્ચા:-**

આ કામે મુદા નં.૧ અને નં.૨ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૩)** સદર મુદા સબંઘે રેકર્ડ પર રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા અરજદાર સ્વંયમ તેના આંક-૮ ના માંગણા નિવેદનમાં જણાવે છે કે, તેઓને સામાવાળાએ તા.૧૫/૬/૧૯૯૬ ના રોજ કામ પર રાખેલા અને તા.૪/૭/૨૦૦૧ નારોજ કામ ઉપરથી કોઈપણ કારણો વગર છુટા કરેલ છે અને સામાવાળા ઘ્વારા તેઓને ફરી નોકરીમાં લેવા આશ્વાસન આપેલ અને તેઓની આર્થિક પરિસ્થિતી નબળી હોય માતા પિતાની માંદગી અને કંગાળ હાલતમાં હોય તેઓને યુનિયન સુધી પહોંચતા ખુબ સમય લાગેલ સાથે તેઓ જણાવે છે કે, અન્ય કામદારોને પુન:સ્થાપિત થવાના હુકમો નામ.ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા થતા તેની માંગણી તેઓએ મોડે મોડે મુકેલ છે તેમા સંજોગો કારણભુત છે પરંતુ અરજદાર ઘ્વારા આ હકીકતનુ કોઈ સ્પષ્ટકારણ કે નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમો આજદિન સુધી રજુ કરેલ નથી ઉલટાનુ તેઓ આંક-૧૭ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ જેમા પણ તેઓએ સદર રેફરન્સ ૨૩ વર્ષ બાદ દાખલ કરવા અંગે કોઈ સ્પષ્ટ કારણ જણાવેલ નથી કે અલગથી કોઈ ડીલે કોન્ડનની અરજી કરી ડીલેની માફી માંગતો હુકમ મેળવેલ નથી. સાથે સામાવાળા ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, કંપની અમને વર્ષ ૨૦૦૧ માં છુટા કર્યા તેનો કોઈ લેખીત આધાર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, વર્ષ ૨૦૦૧ થી હાલની અરજી કરી ત્યાં સુધી વિલંબથી અરજી

દાખલ કરવાનુ કારણ મે મારા માંગણા નિવેદન કે સોગંદનમામાં જણાવેલ નથી.'' અરજદારની આ હકીકત સાથે માંગણા નિવેદન અને સોગંદનામુ વંચાણે લેતા તેમા કોઈ સ્પષ્ટ કારણ જણાવવામાં આવેલ નથી પરંતુ માત્ર લખવા ખાતર લખેલ હોય તેવી હકીકત કે, તેની આર્થિક સ્થિતિ, માતા પિતાની માંદગી અને નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમને કારણે અરજી માંગણી મોડે મોડે મુકેલ છે તેવુ જણાવે છે પરંતુ તે સબંધે કોઈ ચોકકસ સમયગાળો કેવા પ્રકારની માંદગી તેવી કોઈ હકીકત જણાવી ડીલે કોન્ડનની માંગણી કરેલ નથી.

(૧૪) વધુમાં સદર મુદા સબંધે સામાવાળાએ આંક-૨૩ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ અને આંક-૯ થી રજુ કરેલ જવાબને વંચાણે લેતા સામાવાળા ધ્વારા પ્રથમથી જ અરજદારે સને.૨૦૦૧ પછીથી એટલે કે હાલનો રેફરન્સ ૨૪ વર્ષના લાંબા સમયગાળા પછી કોઈ ચોકકસ કારણ દર્શાવ્યા વગર કરેલ હોય કાયદાની જોગવાઈનો દુર ઉપયોગ કરેલ હોવાનુ જણાવે છે. જે સાથે નામ. સુપ્રિમ કોર્ટના પ્રભાકરણના જજમેન્ટનો ઉલ્લેખ કરી જણાવે છે કે, આટલા લાંબા સમયગાળા દરમ્યાન કરેલ રેફરન્સ કે અરજીમાં કારણ દર્શાવ્યા વગર કે ડીલે કોન્ડનની માંગણી કર્યા વગર જયારે ''Live Dispute'' વ્યાજબી સમય મર્યાદામાં ઉપસ્થિત કરેલ હોય તો જ નામ.લેબર કોર્ટને રીફર કરી શકાય અન્યથા નહી તેવી રજુઆત કરેલ છે જે સામે અરજદાર ધ્વારા સામાવાળાની ઉલટતપાસ કરતા સામાવાળા જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, કર્મચારીએ લેબર કમિશનરમાં કન્સીલેશન કેસ દાખલ કરેલો. એ વાત ખરી છે કે, જેની નોટીસ બજતા જવાબ અમે આપેલો. એ વાત ખરી છે કે, લેબર કમિશનમાં ૨૪ વર્ષ બાદ ડીલે કેસ કરેલ છે તેવુ જવાબમાં આપેલુ. કામદારે લેબર કમિશનરમાં કન્સીલેશન માટે અરજી કરેલી તે સાથે ડીલે કોન્ડન માટે અરજી કરેલ જે અરજીની નકલ અમને મળેલ નથી. એ વાત ખરી નથી કે, લેબર કમિશનરે ૨૪ વર્ષ જુનુ ડીલે કોન્ડન કરતો હુકમ કરેલ છે. એ વાત ખરી નથી કે, લેબર કમિશનરે અરજદારની ડીલે કોન્ડનની અરજી મંજુર કરેલ છે જેનો રોજકામમાં ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે, લેબર કમિશનર સમક્ષના રોજકામમાં

પણક્ષકારો તથા તેમના પ્રતિનિધીઓની સહી સાથે લેબર કમિશનરની સહી કરેલ છે.'' અરજદારના સામાવાળાને પુછેલ આ સવાલ જવાબ સબંધે લેબર કમિશ્નરશ્રીએ અત્રેની કોર્ટમાં રીફર કરેલ રેફરન્સ સહીત રોજકામ વંચાણે લેવુ મહત્વનુ બની રહે છે જે રોજકામ અક્ષર:સહ વંચાણે લેતા કોઈપણ જગ્યાએ અરજદાર ધ્વારા ડીલે માફીની અરજી કરી હોય અને તે હેઠળ હુકમ કરેલ હોય તેવુ કયાંય જણાય આવતુ નથી. આમ સદર શ્રમ લેબર કમિશનરશ્રીની કન્સીલેશન કેસ દરમ્યાન થયેલ રોજકામને વંચાણે લેતાં તેમના સમક્ષ કોઈ ડીલે કોન્ડનની અરજી થયેલ હોય કે તે સબંધે કોઈ હુકમ કરી ડીલે કોન્ડન ગ્રાહય રાખવામાં આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી કે તે સબંધે અરજદાર ધ્વારા આવી અરજી કે તે હેઠળનો હુકમ પણ રજુ કરવામાં આવેલ નથી.

**(૧૫)** આ ઉપરોકત હકીકત સાથે અરજદાર ધ્વારા રજુ થયેલ આંક–૨૫ ની લેખીત દલીલ વંચાણે લેતાં, તેમા પણ ઉપરોકત હકીકત મુજબ લેબર કમિશ્નર સાહેબશ્રી સમક્ષ વિલંબની તકરારનો નિર્ણય થઈ ગયેલ હોવાનુ જણાવે છે પરંતુ તે સબંધે કોઈ દસ્તાવેજી પુરાવા કે લેબર કમિશ્નરનો હુકમ રજુ કરેલ નથી. જેના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓને રજુ કરેલ છે.

(૧) ૨૦૨૫ લો સ્યુટ(એસસી) ૨૩૧, નામ.સુપ્રિમ કોર્ટ,
મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. મહાદીયો ક્રિષ્ના નાઈક

(૨) ૨૦૦૧ (૧) જીએલએચ ૪૭૧,
કરશનભાઈ એલ.હરીજન વિ. વેસ્ર્ટન રેલ્વે.

(૩) ૧૯૯૨ લોસ્યુટ(એચી)૨૦૮, નામ. આંઘ્રપ્રદેશ હાઈકોર્ટ,
કે.રામા રાઉ વિ. ચીફ એકઝીકયુટીવ નિર્મલા જુતે મીલ્સ.

(૪) સ્પે.સી..એપ્લીકેશન ૧૧૭/૨૦૧૮, નામ.ગુજરાત હાઈકોર્ટ,
ઈન્ડીયન રેયોન ઈન્ડ્રસ્ટીઝ લી. વિ. ટપુભાઈ જુઠાભાઈ ચાવડ તથા અન્ય.

(૫) ૨૦૦૧(૨) જીએલએચ ૫૧૪,
નટવરલાલ અમૃતલાલ શાહ વિ. ડીરેકટર એમ્પ્લોય સ્ટેટ ઈનસ્યોરન્સ સ્કેમા.

(૬) ૨૦૧૦ (૫) નામ.સુપ્રિમ કોર્ટ,
અનુપ શર્મા વિ. એકઝીકયુટીવ એન્જીનીયર પબ્લીક હેલ્થ ડીવીઝન નં.૧ પાનીપત(હરીયાણા),

(૭) ૨૦૦૧ લેબ આઈ.સી. ૬૬૨, નામ. ગુજરાત હાઈકોર્ટ,
ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર, મગ્દલ્લા પોર્ટ ડેવલોપમેન્ટ સ્કેમા સુરત વિ. સુખાભાઈ ગાંડાભાઈ અને બીજાઓ.

(૮) સવીલ અપીલ નં.૪૩૯૦/૨૦૨૫, નામ.સુપ્રિમ કોર્ટ
કેવી પાથરોઝ વિ. ધ ડીવીઝન કન્ટ્રોલર કેએસઆરટીસી.

**(૧૬)** આ ઉપરોકત ચુકાદાઓને માનભેર વંચાણે લેતાં, **ચુકાદા નં.૧** માં કામદારના બેકવેજીસ અને તે અંગેની ચર્ચા કરી તે સબંધે હુકમ કરવામાં આવેલ છે. જયારે **ચુકાદા નં.૨** માં સમયમર્યાદાના કાયદાનો ઉલ્લેખ કરેલો છે પરંતુ તે ચુકાદાના હકીકત સાથે હાલના કેસની હકીકતને ધ્યાને લેતા અરજદારને મદદરૂપ ન થતો હોવાનુ માનવાને કારણ રહે છે. **ચુકાદા નં.3** એ નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો હોય પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જયાં સુધી હકુમત ધરાવતી નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ ધ્વારા સિધ્ધાંતો પ્રસ્થાપિત થયેલ હોય તો અન્ય નામ.હાઈકોર્ટને ધ્યાને લેવી જરૂરી નથી તેમ છતા સદર ચુકાદાને વંચાણે લેતા સદર ચુકાદાની હકીકત સાથે અરજદારને મદદરૂપ ન થતો હોવાનુ માનવાને કારણ રહે છે. **ચુકાદા નં.૪** ને માનભેર વંચાણે લેતાં, તે આઈ.ડી.એકટની કલમ-૨(ઓઓ)(બીબી) તથા સેકશન ૨૫(એફ) હેઠળ ૨૪૦ દિવસ તથા સેકશન ૨૫(એફ) હેઠળનો ચુકાદો આપેલ છે પરંતુ હાલના કેસના મુદાને ધ્યાને લેતા અરજદારને મદદરૂપ ન થતો હોવાનુ માનવાને કારણ રહે છે. **ચુકાદા નં.૫** ને માનભેર વંચાણે લેતાં તેમા સમય મર્યાદાનો કોઈ ગાળો આઈ.ડી.એકટ હેઠળ નિશ્ચિત કરવામાં આવેલ ન હોય વિલંબના કારણોસર દાવાનો ઈન્કાર કરી શકાય નહી તે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે પરંતુ સદર ચુકાદા સાથે અરજદારને હાલની અરજીની હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા ૨૪ વર્ષના લાંબા સમયગાળા બાદ હાલનો રેફરન્સ કેસ

દાખલ કરવામાં આવેલ છે જેમા તેઓએ કોઈપણ પ્રકારની ડીલે કોન્ડનની અરજી કે આટલા લાંબા સમય બાદ રેફરન્સ દાખલ કરવાનુ સ્પષ્ટ કારણ જણાવેલ ન હોય સદર ચુકાદો અરજદારને મદદરૂપ ન થતો હોવાનુ માનવાને કારણ રહે છે. **ચુકાદા નં.૬ અને નં.૭** એ હાલના મુદાની ચર્ચા સબંધે લાગુ ન પડતો હોવાનુ માનવામાં આવે છે. વધુમાં અરજદાર તરફે રજુ થયેલ **ચુકાદા નં.૮** ને માનભેર વંચાણે લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે તેમા જણાવેલ "As far as the delay in making the reference is concerned the Labour Court found that a departmental appeal was filed by the appellant which remained unaddressed by the appellate authority. This finding was not disturbed by the High court. once such is the position, the workman was justified in awaiting decision on his appeal and when the same did not come he raised an industrial dispute. Hence, the workman-appellant cannot be penalized for the inaction on the part of the management in disposing his appeal. In these circumstances, the refernce was not invalid on ground of delay and, therefore, in our view, the impugned order of the Division Bench is not legally justified." ઉપરોકત ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતનો કાયદાકીય ચર્ચા ધ્યાને લેતા તેમા અરજદાર ધ્વારા રેફરન્સ મોડો દાખલ કરવાનુ કારણ અરજદાર ઉપર ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી અને અપીલ ચાલતી હતી જેનો ન્યાય નિર્ણય આવેલ નહી અને તેના કારણે અરજદારે રેફરન્સ મોડો દાખલ કરેલ જેથી નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ કે કામદાર અરજદારને મેનેજમેન્ટના ભુલના કારણે દંડ આપી શકાય નહી જેથી તેઓનુ ડીલે મંજુર રાખેલુ પરંતુ સદર કેસની હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા આવુ કોઈપણ કારણ સ્પષ્ટ રીત જણાવવામાં આવેલ નથી અને ૨૪ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ અચાનક લેબર કમિશ્નરમાં કન્સીલીએશન કેસ કોઈપણ ડીલેની માફી માંગ્યા વગર દાખલ કરી અને કોર્ટમાં રેફરન્સ કેસ દાખલ કરેલ જે ન્યાયનો

હેતુ માટે વ્યાજબી માની શકાય નહી. આ સાથે સામાવાળા દ્વારા મૌખીક દલીલ કરી તેના સમર્થનમાં રજુ કરેલ નીચે મુજબના ચુકાદાઓને માનભેર વંચાણે લેતાં,

(૧) ૨૦૧૫ નામ. સુપ્રિમ કોર્ટ ડેઈલી ઓર્ડર,
પ્રભાકર વિ.જોઈન્ટ સેક્રેટરી ડીપાર્ટમેન્ટ નો ચુકાદો.

(૨) સ્પે.સી.એપ્લીકેશન નં.૧૪૮૬/૨૦૨૦, નામ. ગુજરાત હાઈકોર્ટ,
દીલીપભાઈ લવજીભાઈ પરેચા વિ. ધ ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર.

(૩) સ્પે.સી.એપ્લીકેશન નં. ૧૭૦૫૦/૨૦૧૬, નામ.ગુજરાત હઈકોર્ટ,
ઠાકોરજી અનરેજી પ્રતાપજી વિ. ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર અને બીજાઓ.

(૪) લેટર પેટન્ટ અપીલ નં.૪૬૬/૨૦૧૬, નામ. ગુજરાત હાઈકોર્ટ,
રાજેન્દ્રકુમાર પરસોતમભાઈ પારેખ વિ. એકઝીકયુટવ ચંન્દીકા અને બીજાઓ.

(૫) ૨૦૦૧ સીએલઆર ૮૫, નામ. સુપ્રિમ કોર્ટ,
મેનેજમેન્ટ ઓફ એમ/એસ. ઈન્ડીયન આઈરોન એન્ડ સ્ટીલ કોર્પોરેશન.લી. વિ. પ્રહલાદ સીંઘ

(૬) ૨૦૦૨ સીએલઆર ૩૨૧, સુપ્રિમ કોર્ટ,
આસીસ્ટન્ટ એકઝીકયુટીવ એન્જીનીયર, કર્ણાટકા વિ. શ્રી શીવલીંગા

(૭) સીવીલ અપીલ નં.૨૮/૨૦૦૯, નામ.સુપ્રિમ કોર્ટ,
સ્વામી ગોવડા અને બીજાઓ વિ. શિવલીંગા ગોવડા અને બીજાઓ.

(૮) ૨૦૦૧ નામ. ગુજરાત હાઈકોર્ટ,
જગુભા નથુભાસ ઝાલા વિ. યુનીયન ઓફ ઈન્ડીયા

(૯) સ્પે.સી.એપ્લીકેશન નં.૬૩૫૧/૨૦૦૬, નામ.ગુજરાત હાઈકોર્ટ,
ઈન્ડીયન રેયોન ઈન્ડસ્ટ્રીઝ લી. વિ. બાંમણીયા લાખાભાઈ ભગવાનજીભાઈ.

(૧૦) ૨૦૦૫ આઈએનએસસી ૫૭૧, નામ.સુપ્રિમ કોર્ટ,
કીશોરી ચંદ્રા શામલ વિ. ઓરીસ્સા સ્ટેટ કેસ્યુ ડેવલોપમેન્ટ કોર્પો. લી.

ઉપરોકત તમામ ચુકાદાઓમાં **ચુકાદા નં.૧** માં નામદાર સર્વોચ્ચ અદાલતે ''...In contrast, in those cases where there was no agitation by the workman against his termination and the dispute is raised belatedly and the delay or laches remain unexplained, it would be presumed that he had waived his right or acquiesced into the act of ternubation and therefore, at the time when the dispute is raised it had become stale and was not an 'existing dispute'. In such circumstances, the appropriate Government can refuse to make reference In the alternative, the Labour Court Industrial Court can also hold that there is no "industrial dispute" within the meaning of Section 2(k) of the Act and, therefore, no relief can be granted.'' **ચુકાદા નં.૨** માં પણ નામદાર ગુજ.હાઈકોર્ટે ચુકાદા નં.૧ ને આધાર માની ''...Otherwise, going by the decision of the Apex Court in 'PRABHAKAR' (Supra), and also noticing very carefully, the Statement a huge delay, the request of the petitioner cannot be acceded to. Further, evem, on the oath, before this Court, the petitioner have not stated as to why they remained silent for so many year. Thus, the Labour Court having within its bounds, this court finds no reason to thterfere with the same.'' **ચુકાદા નં.૩** માં ''At this stage, referemce also needs to be made to the decision of the Division Bench of this Court in Letters Patent Appeal No. 466 of 2016 (order dated 14.06.2016). It was inter alia observed in para:6 of the said decision that delay of about seven years in raising dispute without any explanation was fatal. In the present case also, there is no explanation for delay. Considering the totality, this Court finds that, this was not the case where any relief could be granted to the petitioner. The impugned awards therefore do not call for any interference.'' **ચુકાદા નં.૪** માં ''...In any event, in view of

the unexplained and inordinate delay of 7 years in raising the dispute and having accepted the P.F. amount in the year 2005, the appellants cannot term their discontinuation in service from 08.05.2001 as illegal termination. Moreover, having regard to the findings recorded by the learned Single Judge, we do not find any merits in the appeal. Hence, all the three appeals being devoid of any merits are dismissed. No order as to costs.'' આમ **ચુકાદા નં.૫ થી ૧૦** ને માનભેર વંચાણે લેતા ઉપરોકત તમામ સામાવાળા તરફે રજુ થયેલ ચુકાદાઓ તેની દલીલ સાથે અને પુરાવા સાથે મદદરૂપ થતા હોવાનુ માનવાને કારણ રહે છે.

**(૧૭)** આમ ઉપરોકત તમામ પક્ષકારોની દલીલ સાથે નામ.સુપ્રિમ કોર્ટના Pathapati Subba Reddy (Died) By Lrs And ... vs Special Deputy Collector (La) on 8 April, 2024 TYF Basawaraj and Anr. vs. Special Land Acquisition Officer માં ઠરાવેલ છે કે, કાયદાની સમયમર્યાદાના બહારના દાવા કે અરજી કોર્ટમાં ચાલી શકે નહી. નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા નં.૧૨ અને ૧૫ નીચે મુજબ રીપ્રોડયુઝ કરેલ છે.

> “12. It is a settled legal proposition that law of limitation may harshly affect a particular party but it has to be applied with all its rigour when the statute so prescribes. The Court has no power to extend the period of limitation on equitable grounds. “A result flowing from a statutory provision is never an evil. A Court has no power to ignore that provision to relieve what it considers a distress resulting from its operation." The statutory provision may cause hardship or inconvenience to a particular party but the court has no choice but to enforce it giving full effect to the same. The legal maxim dura lex sed lex which means "the law is hard but it is the law", stands attracted in such a

situation. It has consistently been held that, “ inconvenience is not” a decisive factor to be considered while interpreting a statute.”

“15. The law on the issue can be summarised to the effect that where a case has been presented in the court beyond limitation, the applicant has to explain the court as to what was the “sufficient cause” which means an adequate and enough reason which prevented him to approach the court within limitation. In case a party is found to be negligent, or for want of bona fide on his part in the facts and circumstances of the case, or found to have not acted diligently or remained inactive, there cannot be a justified ground to condone the delay. No court could be justified in condoning such an inordinate delay by imposing any condition whatsoever. The application is to be decided only within the parameters laid down by this Court in"

"15. The law on the issue can be summarised to the effect that where a case has been presented in the court beyond limitation, the applicant has to explain the court as to what was the “sufficient cause” which means an adequate and enough reason which prevented him to approach the court within limitation. In case a party is found to be negligent, or for want of bona fide on his part in the facts and circumstances of the case, or found to have not acted diligently or remained inactive, there cannot be a justified ground to condone the delay. No court could be justified in condoning such an inordinate delay by imposing any condition whatsoever. The application is to be decided only within the parameters laid down by this Court in -5- regard to the condonation of delay. In case there was no sufficient cause to prevent a

> litigant to approach the court on time condoning the delay without any justification, putting any condition whatsoever, amounts to passing an order in violation of the statutory provisions and it tantamounts to showing utter disregard to the legislature."

આમ ઉપરોકત તમામ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અને તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ છે કે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ મુજબની કોઈ પણ અરજી કે રેફરન્સ રજુ કરવા માટે કોઈ સમય બાધ જણાવવામાં આવેલ નથી પરંતુ તેનો મતલબ એવો પણ ન થઈ શકે કે પક્ષકાર ગમે ત્યારે પોતાની ઈચ્છા મુજબ ઘણા સમયના વિલંબ બાદ પણ અરજી કે દાવો કરી શકે.

આ ઉપરોકત તમામ પુરાવા તથા અરજીની હકીકત સાથે અરજદારની અરજીને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોવાની સાથે અરજદાર ધ્વારા જે રેકર્ડ ઉપર પુરાવા રજુ કરવામાં આવેલ છે તે પણ અધુરા અને અસ્પષ્ટ જણાય આવે છે જે સબંધે નામ.સર્વાચ્ચ અદાલતનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો મહત્વનો બની રહે છે.

જે ચુકાદા મુજબ ૨૦૦૫(III) સીએલઆર ૧૦૨૦ (અલાહાબાદ હાઈકોર્ટ) ઉપર પ્રસિધ્ધ થયેલ વિનોદકુમાર–II વિ. પી.ઓ. લેબર, કોર્ટ, આગ્રા તથા ૨૦૧૦(III) એલએલજે ૬૬૩ (દિલ્હી હાઈકોર્ટ) ઉપર પ્રસિધ્ધ થયેલ એનટીપીસી બાદરપુર થર્મલ પાવર સ્ટેશન વિ. ઉમેશ કુમાર મીશ્રાના ચુકાદામાં કામદાર ઉપર પોતાનો કેસ પુરવાર કરવાનું બર્ડન છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે જેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના કેસમાં અરજદાર ધ્વારા તેઓએ આટલા લાંબા સમયગાળા બાદ કયા કારણોસર હાલનો રેફરન્સ કેસ દાખલ કરેલ અને એવા શું સચોટ કારણો હતા જેના કારણે વિલંબ થયેલ તેવી કોઈ સ્પષ્ટતા જણાવેલ નથી આ સાથે સામાવાળાની કંપનીમાં હાલના અરજદાર સાથેના અન્ય અરજદાર ધ્વારા પણ અત્રેની કોર્ટમાં આ જ પ્રકારના રેફરન્સ કેસ ઘણા લાંબા સમયગાળા બાદ દાખલ કરવામાં આવેલ છે જે એક પ્રકારે ગ્રૃપ કેસ માની

શકાય છે જે તમામ અરજદારના માંગણા નિવેદનમાં આટલા લાંબા સમય પછી રેફરન્સ દાખલ કરવાનુ એક સમાન કારણ જણાવેલ છે જે નીચે મુજબ છે.

''ઘરમાં કમાવનાર અમો માત્ર એક વ્યકિત છીએ ઘરમાં વૃધ્ધ માતા પિતાની માંદગી તેમજ વ્યવહારીક પ્રસંગોને કારણે આર્થીક રીતે અમો કંગાળ થઈ ગયેલ. તેવે સમયે અમોને સલાહ મળેલ કે 'તમો ગુજરાત શ્રમીક સેવા સંઘ યુનીયન ને મળો તે તમોને આ કામમાં મદદ કરશે' અમો આ યુનીયન સુધી પહોચતા અમોને ખુબ જ સમય લાગેલ. ''

''વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ મુજબ પુન:સ્થાપિતની માંગણી મોડી થવાથી કામદારને ન્યાય માંગવાના હકકથી વંચીત રાખી શકાય નહી. કેમ કે નામદાર કોર્ટ પણ દરેક કેસની ગુણવંતા અને પુરાવા પર આધારીત રાખે છે. તેવુ અમોને જાણવા મળતા તેમજ અમારી સાથેના નોકરીમાંથી છુટા થયેલા અન્ય કામદારોને પુન:સ્થાપિત થવાના હુકમો ના.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા થતા અમોએ માંગણી મોડે મોડે મુકેલ છે. જેમાં સંજોગો કારણભુત છે.''

આમ હાલના અરજદારની અરજી સાથે અન્ય અરજદારોએ પણ આ જ કંપનીમાં કામ કરતા હતા અને જે તે સમયે તેમને છુટ્ટા કર્યા બાદથી ઘણા લાંબા સમય પછી હાલની અરજી દાખલ કરેલ. આ સાથે અરજદારોની અન્ય અરજી હકીકત અને પુરાવો એક સમાન હોય તે માની શકાય પરંતુ તે સબંધે તમામ અરજદારોને એક સમાન જ કારણ હોય તે સામાન્ય રીતે માની શકાય નહી જેથી કરીને પણ માત્ર લખવા ખાતર લખેલ હોય તેવુ જણાય આવે છે.

**(૧૭)** આમ ઉપરોકત વિસ્તૃતમાં **મુદા નં.૧** ની ચર્ચા કર્યા બાદ **મુદા નં.૨** સબંધે ચર્ચા કરવી અત્રે મહત્વની બની રહેતી નથી કે જયારે અરજદારે પોતાની અરજી મુળથી કાયદાથી વ્યર્થ બની રહેતી હોય તો તેની વધુ ચર્ચા કરવી ન્યાયીક નથી. જેથી **મુદા નં.૧** નો જવાબ '**હકારમાં**' આપી મુદા નં.ર નો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે. આમ, મુદા

નં.૧ અને નં.૨ ના જવાબના આધારે **મુદા નં.૩** નો નીચે આખરી હુકમ મુજબ જવાબ આપવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

જુનાગઢ.
તા.૧૬/૦૩/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)